**// આંક–૪૦૮ ની અરજી લગત હુકમ //**

1. હાલના કામે વાદી તરફે આંક–૪૦૮ થી હાલની અરજી આપેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ગુજરનાર પ્રતિવાદીના વારસો પૈકીના જેમાંના એક મુંબઈ મુકામે રહે છે તથા બીજા વારસદાર વિદેશમાં હોય તેમના સરનામા મળી આવતા ન હોય તો આ કામના અન્ય પ્રતિવાદીઓ કે જેઓ તેમના નજીકના સગા થાય છે જેથી તેમની પાસેથી ઉપરોકત વારસોના સરનામા જાહેર કરવા યોગ્ય હુકમ થવા અરજ ગુજારેલ છે.
2. વાદી તરફેની અરજી વંચાણે લીધી. હાથ ઉપરનું રેકર્ડ તપાસ્યું. વાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. વાદી તરફેની હાલની અરજીનો સાર એવો છે કે, ગુજરનાર પ્રતિવાદી નં.૨ના વારસદારોને પક્ષકાર તરીકે જોડવાની કાર્યવાહી દરમિયાન સુચિત વારસદાર/સુચિત પ્રતિવાદી નં.૨/૨ રૂપલબેન પ્રવિણભાઈ બોસમીયા તથા સુચિત વારસદાર/સુચિત પ્રતિવાદી નં.૨/૬ પાર્થ પ્રવિણભાઈ બોસમીયા ઉપર બજવણી માટે મોકલવામાં આવેલ પ્રોસેસ વગર બજયે પરત આવેલ છે. અરજીમાં જણાવ્યા મુજબ સુચિત વારસદાર નં.૨/૨ મુંબઈ મુકામે રહે છે તથા સુચિત વારસદાર નં.૨/૬ વિદેશ મુકામે રહે છે. વાદીના વિ.વ.શ્રીનું કહેવું છે કે, તેઓના સંપૂર્ણ તથા વર્તમાન સરનામા તેની જાણમાં નથી. તેથી કામના અન્ય પ્રતિવાદીઓ, જેઓ ઉપરોકત વ્યક્તિઓના નજીકના સગા હોવાનું જણાવવામાં આવે છે, તેમને તેવા સરનામા જાહેર કરવા માટે હુકમ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે.
3. હાલના કામના રેકર્ડનું અવલોકન કરતા જણાય છે કે, અરજીમાં જે પ્રતિવાદીઓ સામે નિર્દેશ માંગવામાં આવેલ છે તેઓને સુચિત વારસદાર નં.૨/૨ તથા ૨/૬ ના વર્તમાન અથવા સંપૂર્ણ સરનામાની હકીકતમાં જાણકારી છે તેવું દર્શાવતી કોઈ સામગ્રી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. માત્ર એટલી હકીકત કે, તેઓ નજીકના સગા છે, તે પોતે જ એ નિષ્કર્ષ કાઢવા માટે પૂરતી હકીકત નથી કે

તેઓ પાસે માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ જ હશે. સી.પી.સી. કલમ-૧૫૧ હેઠળની અંતર્નિહિત સત્તાઓનો ઉપયોગ ન્યાયના હિતમાં તથા કાર્યવાહી સંબંધિત ખામી દૂર કરવા માટે થઈ શકે છે; તેમ છતાં, તે સત્તાઓનો ઉપયોગ કોઈ વ્યક્તિને એવી માહિતી જાહેર કરવા બાધ્ય કરવા માટે કરી શકાય નહીં, જ્યાં રેકર્ડ પર પ્રથમ દ્રષ્ટિએ એવું દર્શાવવામાં આવ્યું ન હોય કે તેવી માહિતી સંબંધિત પ્રતિવાદીઓ પાસે ઉપલબ્ધ છે અથવા તેમના નિયંત્રણમાં છે.

4. વધુમાં, હાલની અરજીમાં એવો કોઈ આધાર દર્શાવવામાં આવેલ નથી કે, સંબંધિત પ્રતિવાદીઓ માંગવામાં આવેલી માહિતી જાણીજોઈને છુપાવી રહ્યા છે, અથવા તેમની પાસેથી તે માહિતી મેળવવા માટે અદાલતી નિર્દેશ આપવો અનિવાર્ય બને તેવી અસાધારણ પરિસ્થિતિ અસ્તિત્વમાં છે. મૃત પ્રતિવાદીના વારસદારોને અસરકારક રીતે રેકર્ડ પર લાવવા અને જરૂરી વિગતો ઉપલબ્ધ કરાવવાની પ્રાથમિક જવાબદારી અરજદાર પક્ષની રહે છે. માત્ર અનુમાનના આધારે અન્ય પક્ષકારોને માહિતી જાહેર કરવા માટે ફરજિયાત નિર્દેશ આપવો યોગ્ય જણાતો નથી.

5. આમ, ઉપરોક્ત કરેલ તમામ ચર્ચા અને રેકર્ડ પર ઉપલબ્ધ સામગ્રીને ધ્યાનમાં લેતા, આંક-૪૦૮ ની અરજીમાં કોઈ કાયદેસર અથવા હકીકતી આધાર જણાતો નથી. જેથી, વાદીની હાલની અરજી અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## //હુકમ//

1. આથી વાદી તરફેની આંક-૪૦૮ થી રજૂ કરવામાં આવેલ અરજી **ના-મંજૂર** કરવામાં આવે છે.
2. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે, આ હુકમ માત્ર આંક-૪૦૮ ની અરજીના નિર્ણય પૂરતો મર્યાદિત છે અને વાદીને કાયદા મુજબ

ઉપલબ્ધ અન્ય યોગ્ય અને માન્ય પ્રક્રિયા અથવા ઉપાય હાથ ધરવાના અધિકાર ઉપર કોઈ પ્રતિકૂળ અસર કરશે નહીં.

3. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

– હુકમ, આજ તારીખ ૨૩, માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા. ૨૩.૦૬.૨૦૨૬

(પ્રણવ દિલીપકુમાર મોદી)
પ્રિન્સી. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.

.............................................
P.S.C.J., JETPUR.